અપીલ અરજી નં.૨૧૩ તા.૧૫–૧૦–૦૮/૦૯

અરજદારઃ શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળાઃશહેરવિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

## હુકમઃ–

**વિષય :**–આર ટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૮–૯–૦૮અરજીથી સુરત શહેર બેગમપુરા દુધારાશેરી ઘ.નં.૪/૨૯૪, ૪/૨૯૬ વાળી મિલ્કતમાં ચાલતા ચાંદીગીલીટ, તેમજ જરીગલીટમાં વપરાતા કેમીકલ્સ લાયસન્સ રીન્યુ કરવામાં આવેલ નથી. તેવુ સે.ઝોન/આરોગ્ય સેની./આ.નં.૧૯૬ તા.૨–૯–૦૮ ના પત્રમાં જણાવવામા આવેલ છે તો હાલ ૪/૨૯૪,૨૯૬ વાળી મિલ્કતમાં ચાંદીગીલીટ તેમજ જરીગીલીટના કારખાના ચાલુ છે કે બંધ છે તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૫–૧૦–'૦૮ ની અપીલ અરજી નં.૨૧૩/૨૦૦૮–૦૯

શ્રી સુરેશ એમ. પટેલની તા.૮–૯–૦૮અરજીથી સુરત શહેર બેગમપુરા દુધારાશેરી ઘ.નં.૪/૨૯૪, ૪/૨૯૬ વાળી મિલ્કતમાં ચાલતા ચાંદીગીલીટ, તેમજ જરીગલીટમાં વપરાતા કેમીકલ્સ લાયસન્સ રીન્યુ કરવામાં આવેલ નથી. તેવુ સ ેઝોન/આરોગ્ય સેની./આ.નં.૧૯૬ તા.૨–૯–૦૮ ના પત્રમાં જણાવવામાં આવેલ છે તો હાલ ૪/૨૯૪,૨૯૬ વાળી મિલ્કતમાં ચાંદીગીલીટ તેમજ જરીગીલીટના કારખાના ચાલુ છે કે બંધ છે તેની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ.૮૨૮ તા.૧૩–૧૦–૦૮ થી આપેલ માહિતી સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૧૦–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૯૨ તા.૨૨–૧૦–૦૮ થી શહેરવિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૯૪૦ તા.૬–૧૧–૦૮ થી અત્ર ેના વિભાગને માહિતી પૂરી પાડવવામાં આવેલ છે.

અરજદારની તા.૮–૯–૦૮ ની અરજીમાં ૪/૨૯૪ ૪/૨૯૬ વાળી મિલ્કતમાં ચાલતા ચાંદીગીલીટ, તેમજ જરીગલીટના કારખાના ચાલુ છે કે બંધ છે તેની માહિતી માંગેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ૪/૨૯૬ વાળી મિલ્કતમાં જરીગીલીટના લાકડાને લગતી કામગીરી બંધ છે તથા ૪/૨૯૪ માં જરી ગીલીટને લગતી કામગીરી ચાલુ છે આ રીતે અરજદારને સદર બંન્ને મિલ્કતોમાં કારખાના ચાલુ છે કે બંધ તેની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારને સદર મિલ્કતમાં લાયસન્સ રીન્યુ ન કરવા બદલ કાયદેસરની કાર્યવાહી કરી મ્યુ.કોર્ટમાં કેસ નં.૩૯૧૨ અને ૩૯૧૩ થી ફરીયાદ દાખલ કરવામાં આવી છે જે કોર્ટમાં હામાં પેન્ડીંગ છે. આ રીતે અરજદારને મુળ અરજીની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પાડવામાં આવે છે. અરજદારે અપીલ અરજીમાં જવંલત પદાર્થ કેમીકલના કારખાના વગર લાયસને કઈ રીતે ચાલે છે તેવો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૮–૯–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેથી અપીલ અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. અરજદારે અપીલ અરજીમાં મુળ અરજીથી અલગ ઉપસ્થિત કરેલ પૂરક પ્રશ્ન અંગે લાગત જાહેર માહિતી અધિકારીને કાયદા અને નિયમની જોગવાઈ હેઠળ અલાયદી અરજી ધ્વારા માહિતી મેળવવા સ્વતંત્ર છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુરેશ એમ.પટેલ,